**Translation of the News appeared in the News Paper Sandesh, Surat Edition on dtd:16/10/2015**

# VARIOUS INDUSTRIES SHALL BE DIVIDED IN FOUR CATEGORIES, TIME LIMIT OF NOC SHALL BE ENHANCED

**As per Business Desk, Mumbai, Dated 15th October 2015.**

Government desire to introduce new norms for the pollution emission by industries. The industries shall be categorized considering the impact cause to the environment. Government is planning to liberalize the norms of the pollution, as per the proposed plan the government will categorize industries in four categories and each category shall have different norms. Apart from this the validity of consent shall be increased for environment clearance.

As per the new proposal the industries will be divided in four categories like: Red, Orange, Green and White. The industries emitting more pollution shall be in red category. In the same category Cement, Steel, Thermal Power Plant, Automobile, etc. shall be included. At present there are 89 industries in red category and that will be reduce to 59. At present the validity of NOC is 3 years in this category which shall be enhanced to 5 years.

At present there are 73 industries in orange category which shall be increased up to 93 industries. The validity of NOC is from 3 to 5 years at present for orange category, and that shall be enhance to 10 years.

In green category at present there are 86 industries which shall be reduce to 53 and the validity of NOC which is 10 years at present shall be enhanced for lifetime.

At present no industry is out of purview of pollution control norms, but in new white category 36 industries are included. These industries shall not require any clearance under Environmental Act. This industries are assembling of Air-Condition, Non Motorized Vehicle, Bicycle, Electric Lamp, Electric Motor Repairing, etc. In this category most of small scale industries are included.

**(GET REED FROM INSPECTOR RAJ)** In the opinion of Industries expert, if the new standards for pollution and environment is introduced the industries, it will lead to end of inspector raj. With this new norms, the manufacturing sector shall get the boost. For red category online submission of application will be compulsory, in second stage orange category shall also have to submit the application online. The huddles in obtaining environment clearance shall be removed.

## વિવિધ ઉદ્યોગોનું ચાર કેટેગરીમાં વિભાજન, એનઓસીની મુદત વધશે

# ઔદ્યો.પ્રદૂષણના નિયમો હળવા થશે

(બિઝનેસ ડેસ્ક) મુંબઈ, તા.૧૫

ઉદ્યોગો દ્વારા થતા પ્રદૂષણ બાબતે સરકાર નવા નિયમનો લાવવાનો પ્લાન ધરાવે છે. પર્યાવરણ પર થતી અસરને આધારે ઉદ્યોગોનું વર્ગીકરણ કરવામાં આવશે. સરકાર પ્રદૂષણના ધોરણો હળવા કરવાનો પ્લાન ધરાવે છે. નવા પ્લાન મુજબ સરકાર વિવિધ ઉદ્યોગોને ચાર કેટેગરીમાં વહેંચી દેશે અને એ દરેક કેટેગરી માટે અલગ નિયમનો હશે. આ ઉપરાંત પર્યાવરણને લગતી મંજૂરીના સમયગાળામાં પણ વધારો કરવામાં આવશે.

નવી દરખાસ્ત મુજબ વિવિધ ઉદ્યોગોને ચાર કેટેગરીમાં વહેંચી દેવાશે. એમાં રેડ, ઓરેન્જ, ગ્રીન અને વ્હાઈટ કેટેગરીનો સમાવેશ થાય છે. વધુ પ્રદૂષણ ધરાવતી ઈન્ડસ્ટ્રીને રેડ કેટેગરીમાં રખાશે. એમાં સિમેન્ટ, સ્ટીલ, થર્મલ પાવર પ્લાન્ટ, ઓટો મોબાઈલ વગેરેનો સમાવેશ કરાશે. અત્યારે આ કેટેગરીમાં ૮૯ ઈન્ડસ્ટ્રી છે. એ ઘટાડીને ૫૯ કરાશે. અત્યારે આ કેટેગરીની એનઓસીની મુદત ૩ વર્ષની છે એ વધીને પાંચ વર્ષની થશે.

### ઇન્સ્પેક્ટર રાજ દૂર થશે



ઇન્ડસ્ટ્રી એક્સપર્ટસનું માનવું છે કે જો પ્રદૂષણ અને પર્યાવરણ બાબતે નવા નિયમનોનો અમલ થાય તો ઇન્સપેક્ટર રાજ દૂર થશે. નવા નિયમોને કારણે મેન્યુફેક્ચરીંગ સેક્ટરની કામગીરિમાં સુધારો થશે. રેડકેટેગરી માટે ઓનલાઇન સબમિશન ફરજિયાત રહેશે. બીજા તબક્કામાં ઓરેન્જ કેટેગરી માટે પણ ઓનલાઇન સબમિશન ફરજિયાત કરાશે. એનવાયરનમેન્ટલ ક્લીયરન્સીસ મેળવવામાં જે અવરોધો નડે છે એ પણ દૂર થઈ જશે.

ઓરેન્જ કેટેગરીમાં અત્યારે ૭૩ ઈન્ડસ્ટ્રી છે. એ વધારીને ૯૩ કરવામાં આવશે. અત્યારે એનઓસીની મુદત ૩થી પાંચ વર્ષની છે એ વધારીને ૧૦ વર્ષની કરવામાં આવશે.

ગ્રીન કેટેગરીમાં અત્યારે ૮૬ ઈન્ડસ્ટ્રી છે. એ ઘટાડીને ૫૩ કરવામાં આવશે. આ કેટેગરીમાં એનઓસીની મુદત ૧૦ વર્ષ સુધી જ છે એ વધારીને લાઈફટાઈમ સુધીની કરવામાં આવશે.

અત્યારે એક પણ ઈન્ડસ્ટ્રીને પ્રદૂષણ નિયંત્રણની બાબતે મુક્તિ નથી, પરંતુ હવે નવી વ્હાઈટ કેટેગરીમાં ૩૬ ઈન્ડસ્ટ્રીનો સમાવેસ કરવામાં આવશે. આ ઈન્ડસ્ટ્રીએ પર્યાવરણ બાબતે મંજૂરી મેળવવી નહીં પડી. આ ઈન્ડસ્ટ્રીમાં એરકન્ડીશનરનું એસેમ્બલીંગ, નોન મોટરાઈઝડ વેહિકલ્સ, સાઈકલ, ઈલેક્ટ્રિક લેમ્પ, ઈલેક્ટ્રિક મોટરનું રિપેરીંગ વગેરેનો સમાવેશ થાય છે. આ કેટેગરીમાં મોટાભાગની સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીનો સમાવેશ કરવામાં આવશે.